Letter No: DPPFG/0195/12/2025 Approved Date: 17-12-2025

# પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી

નિયામક: ૨૩૨૫૩૨૧૩ (અંગત)

ના.નિયામક:૨૩૨૫૪૯૯૭

LM શાખા: ૨૩૨૫૬૫૩૭

ગુજરાત રાજ્ય, "વીમા અને લેખા ભવન",
ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ, બ્લોક નં.૧૮,
સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.-૩૮૨૦૧૦.

નં : ડીપીપી/એલ.એમ./ટિ.૧/પરિપત્ર/2025/

તા. / /૨૦૨૫

## પરીપત્ર:

વંચાણે લીધું :

૧. નાણા વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: નવપ / ૧૦ / ૨૦૨૦ / ઓ-૬૪૦ / પી

૨. એલ.એમ.શાખાનો તા.૦૪/૧૨/૨૦૨૫ નો પત્ર નં. DPPFG / 0331 / 11 / 2025

૩.હિસાબી અધિકારી એન.પી.એસ ના તા.૦૮/૧૨/૨૦૨૫ના પત્ર નં.ડીપીપી/NPS TO OPS/2025 / 2519

વંચાણે લીધેલ સંદર્ભ (૧) ના ઠરાવથી રાજ્ય સરકારના વિવિધ સંવર્ગના જે અધિકારી/કર્મચારીઓની તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા નિમણૂંક કરવામાં આવેલ હોય અને તેમની નિયમિત નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ પછી થઈ હોય અથવા તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ હોય પરંતુ વહીવટી કારણોસર તેમની નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ પછીની હોય તેઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા જણાવેલ છે જે સંદર્ભે અત્રેની શાખા દ્વારા સંદર્ભ(૨) થી NPS શાખાનો અહેવાલ મેળવી પેન્શન કેસોની કાર્યવાહી કરવા જણાવેલ છે, પરંતુ સંદર્ભ(૩)ના NPS શાખાના પત્રની વિગત મુજબ NPS ની આખરી ઉપાડ / અવસાન / NPS to GPF ની દરખાસ્ત IFMS System દ્વારા આવતી નથી જેથી સંદર્ભ(૧) અન્વયેના અધિકારી / કર્મચારીનો પેન્શન કેસ અત્રેની કચેરીમાં રજૂ થાય અને તે જ સમયગાળા દરમિયાન અથવા ત્યારબાદ કર્મચારીની કચેરી મારફતે ૬૦:૪૦ ના રેશિયો મુજબ NPS નું આખરીકરણ કરવા માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવે અને NPS શાખામાંથી મંજૂર થઈ જાય તો સરકારનો ૧૦% ફાળો વધારે ચુકવાઈ જાય અને એન્યુઈટીમાં સમાવિષ્ટ સરકારના ફાળાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમજ સરકારશ્રીના ફાળા અને વ્યાજની રકમની વસુલાત બાકી રહી જવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય તેમ છે.

આવી પરિસ્થિતી ન ઉદ્ભવે તે માટે આવા કિસ્સામાં જ્યા સુધી કર્મચારીની નિવૃત્તિ સમયની કચેરી દ્વારા કર્મચારીના GPF ખાતામાં રકમ જમા કરાવવા બાબતની અથવા NPS ના આખરીકરણની કાર્યવાહી પુર્ણ ન થાય ત્યા સુધી પેન્શન કેસ મંજૂર કરવાના રહેશે નહિ.

નાયબ નિયામક(પેન્શન)

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં :**

૧. નાયબ નિયામકશ્રી , વહીવટ / પેન્શન / એન.પી.એસન.પી.એસ
૨.હિસાબી અધિકારીશ્રી, તમામ પી.આર.- ........... શાખા,પી.એ.૧-૨ શાખા ,શાસન-૨,રજિસ્ટ્રી,ઓલ્ડ રેકર્ડશાખા
તરફ જાણ તથા અમલ સારૂં..
૩. શાખાધ્યક્ષશ્રી પી.આર........ શાખા/પી.એ.કોમ્પ્યુટર શાખા /ઇન્ટરનલ ઓડિટ શાખા/પી.એ.-૧-૨ શાખા રજિસ્ટ્રી તરફ જાણ તથા અમલ સારૂં.

Signature valid
Signed by:PRASHANT NAGINDAS POPAT
Deputy Director
Date:2025.12.
17:41:48 +5:30

File No: DPPFG/LMW/e-file/124/2025/1440/LEGAL MATTER BRAN
Approved By: Director,Administrative Branch - 1,DPPFG
Open the document in Adobe Acrobat DC to verify the E-sign